જેના વિચારો ઉત્તમ છે તે ઉત્તમ કાર્ય જ કરશે, અને જેના કાર્ય ઉત્તમ હશે તેના ચરણોમાં સુખ શાંતિ હશે
- ઉમાશંકર જોષી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૧ | ૩૧ જુલાઇ, ૨૦૧૩, બુધવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વરસાદી માહોલથી ખેડૂતો વિમાસણમાં

## જુલાઈમાં વરસાદ વધુ પડયો અને વરસાદના દિવસો પણ વધુ નોંધાયા; ખેતીનું કામ ઠપ્પ થયું

ગાંધીનગર, તા.૩૦

સતત એક માસથી જામેલા વરસાદી માહોલને કારણે ખેડૂતોની વિમાસણમાં વધારો થવા પામ્યો છે. નવી ખેતીનું કામ અટકી પડયું છે એટલું જ નહિ જે વાવેતર કરાયું છે તેમાં પણ માવજત માટે પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

જિલ્લામાં સમયસર વરસાદના આગમનથી ખેતીમાં આ વખતે સારું રહેશે તેવી આશાઓ સાથે ખેડૂતોએ વાવણીનો આરંભ કર્યો હતો અને ૭૦ હજાર હેકટરથી પણ વધુ વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન કરી દીધું હતું. છેલ્લા એક માસમાં સતત વરસાદી વાતાવરણ રહેતાં ખેતરમાં નિંદામણ સહિતની કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે.

આ ઉપરાંત ફેર રોપણીના પાકોનું વાવેતર તેમજ દિવેલાનું વાવેતર પણ અટકી પડવા પામ્યું છે. સતત ભેજને કારણે હવે વાવેતર કરાયેલા પાકમાં પણ નુકશાન થોડું ઘણું થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

ખાસ કરીને વેલાવાળા શાકભાજીના પાકોમાં નુકશાનનો ભય ઉભો થયો છે. આ ઉપરાંત ખેતરોમાં નીચાણવાળા ભાગોમાં જયાં પાણી ભરાઈ રહે તેવા વાવેતર કરાયેલા પાકોમાં પણ નુકસાન થવાનો ભય રહેલો છે. કપાસના પાકમાં પણ નિંદામણ જરુરી છે જો કે આ વાતાવરણમાં એ કામ પણ ખોરંભે પડી જવા પામ્યું છે.

વરસાદી માહોલને લઈ શાકભાજીના ભાવો એક તરફ વધી રહ્યા છે જયારે ખેડૂતને તેનો ફાયદો થતો નથી.

જિલ્લામાં દિવેલાનું વાવેતર પણ વિલંબથી થશે આ ઉપરાંત ફેર રોપણીના પાકોમાં વિલંબ થશે તે હવે સ્પષ્ટ બન્યું છે. વરસાદ દિવસમાં એક વખત હળવાથી મધ્યમ સતત નોંધાતો રહ્યો છે અને જે વરાપ નીકળવો જોઈએ તે ન થતાં ખેડૂતો ભારે વિમાસણ અનુભવી રહ્યા છે.

જિલ્લામાં છેલ્લા દસ વર્ષની તવારીખીમાં જુલાઈમાં આ વખતે વરસાદના દિવસો વધ્યા છે એટલું જ નહિ વરસાદ જે પડયો છે તે પણ વધુ નોંધાયો છે જે ઉલ્લેખનીય છે.



જૂના જમાનામાં નદીમાં જીવન પ્રવાહ વહેતો હતો અને તેને જીવનદાત્રી કે લોકમાતા પણ ગણવામાં આવતી હતી. પરંતુ, હવે નદી વર્ષભર રેતી ખોદવા માટેનું સ્થળ અને ચોમાસામાં જોવાલાયક જગ્યા બનીને રહી ગઈ છે. ચોમાસા દરમ્યાન પાણી વરસે ત્યારે નદીમાં પાણી આવે છે અને એ જાણે પહેલીવાર આવ્યું હોય એમ તેને જોવા લોકો ટોળે વળે છે. ગાંધીનગરમાં જ આવાં દ્રશ્યો જોવા મળે છે. સાબરમતી નદીમાં જ્યારે જ્યારે પાણી આવે છે ત્યારે ત્યારે તેને જોવા લોકો ટોળે વળે છે. એ દિવસો હવે આવી ગયા છે. સાબરમતી નદીમાં પાણીની આવક ચાલુ થઈ છે. અલબત્ત, હજુ ટોળે વળીને જોવા જવું પડે એટલું પાણી નથી આવ્યું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યોને પણ વિસ્તારના વિકાસ માટે ગ્રાન્ટ

## આગામી સામાન્ય સભામાં દરખાસ્ત રજુ કરવા કારોબારી સમિતિએ હિસાબી અધિકારીને ભલામણ કરી : જિલ્લામાં સર્વાંગી અને સંતુલિત વિકાસ કામો હાથ ધરી શકાય તે હેતુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિએ પંચાયતના સભ્યોને વિસ્તાર વિકાસ માટે ખાસ ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક ચર્ચા કરી અને આ માટેની એક આખી દરખાસ્ત તૈયાર કરી આગામી સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવાની ભલામણ સાથે હિસાબી અધિકારીને જણાવવામાં આવ્યું છે.

શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે આજે મળેલ જિલ્લા પંચાયતની કારોબારી બેઠકમાં આ ચર્ચા અધ્યક્ષપદેથી કરવામાં આવી હતી.

જિલ્લામાં સર્વાંગી વિકાસને વેગ આપી શકાય તે હેતુથી પ્રથમ જ વાર પંચાયતના સભ્યોને સ્વભંડોળમાંથી ખાસ ગ્રાન્ટ ફાળવવી જોઈએ તેવો મત સભ્યોએ સર્વાનુમતે રજુ કર્યો હતો. એક તબક્કે આ બેઠકમાં રૂ. પાંચ થી સાત લાખ સુધીના કામો સભ્ય તેના વિસ્તાર માટે સૂચવી શકે તેવી ભલામણ પણ સભ્યોએ કરી હતી.

સ્વભંડોળમાંથી આ રકમ ફાળવવાની થતી હોવાથી સામાન્ય સભાની મંજૂરી જરૂરી હોવાનો અભિપ્રાય અધિકારીઓએ વ્યક્ત કરતાં આ મુદ્દે સ્વભંડોળમાં કેટલા નાણાં છે અને શુ સ્થિતિ છે તે બધી જ બાબતોનો અભ્યાસ કરી આખી

● અનુસંધાન પાના - ૭ પર

# સહકારી ક્ષેત્રની વિશ્વસનિયતા અકબંધ રહેશે

## અડાલજ ખાતે યોજાયેલું સહકારી મહાસંમેલન : સહકારીના સંઘીય ઢાંચા ઉપર તીવ્ર કુઠારાઘાત કરતો નાબાર્ડનો નિર્ણય રાજ્ય સરકારોને વિશ્વાસમાં લીધા વગર જ કરવામાં આવ્યો : નરેન્દ્ર મોદીના પ્રહારો

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત સહકારી મહાસંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાતના સહકારી ક્ષેત્રના શુધ્ધિકરણની સતત પ્રક્રિયા વધુ વેગવાન બનાવવાનું પ્રેરક આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતની સહકારી પ્રવૃત્તિનો ઈતિહાસ ચાર-પાંચ પેઢીઓની નિષ્ઠાની નીવ ઉપર ઉભો છે અને વર્તમાન પેઢીએ પણ સહકારીતાની ભાવનાના શુદ્ધિકરણનું સંવર્ધન કરવા જાગૃતિપૂર્વક પ્રયાસો કર્યા છે તેમ તેમણે જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય સહકારી સંઘના ઉપક્રમે આજે અડાલજમાં યોજાયેલા સહકારી મહાસંમેલનમાં સહકારી ક્ષેત્રના ૩૦૦૦ જેટલા પદાધિકારીઓ ઉપરાંત અન્ય રાજ્યોની સહકારિતા પ્રવૃત્તિના વરિષ્ઠ સંસ્થાઓના અગ્રણી પ્રતિનિધિમંડળીએ ભાગ લીધી હતો. રાજ્યમાં દર ત્રણ વર્ષે ગુજરાત કોઓપરેટીવ કોંગ્રેસ યોજાય છે.




આઓ વર્ષે અડાલજમાં યોજાયેલા આ સહકારીતા મહાસંમેલનમાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ અને વરિષ્ઠ સહકારી આગેવાનોએ ભાગ લીધો હતો. ગુજરાતની ભૂમિ એ સહકારીતાની સહકારી ક્ષેત્રના મૂલ્યો ઉમદા માપદંડો ઉભા કરીને વિશ્વમાં સહકારીતાની ભાવનાની આગવી ઓળખ ઉબી કરી છે તેનો ગૌરવભેર ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર અને સહકારીતાની વચ્ચે ભાવનાત્મક અને જનતા અને સહકારી ક્ષેત્રની વચ્ચે ભાવનાત્મક નાતો પ્રસ્થાપિત થયો છે, તેની વિગતો આપી હતી.

સહકારી ક્ષેત્રે જ્યારે માધુપુરા સહકારી બેન્કના આર્થિક ભૂકંપથી સહકારી બેન્કીંગ વ્યવસ્થા પત્તાના મહેલની માફક તૂટી જવાની અણી ઉપર હતી ત્યારે રાજ્યની આ વર્તમાન સરકારે રાજકીય ઈચ્છાશક્તિથી હિંમતભેર સહકારી ક્ષેત્રને માટે સુધારાની પહેલ કરી તેને તત્કાલિન મૂર્ધન્ય સહકારી આગેવાનોએ રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહીને સહકારી ક્ષેત્રને લૂણો ના લાગે તે માટે આ સ્વીકારને સમર્થન આપેલું તેની રૂપરેખા મુખ્યમંત્રીએ આપી હતી. સહકારી ક્ષેત્રને નવા આયામો અને નવા અસરો માટે અનેક પ્રકારનો અવકાશ છે તેની ભૂમિકા આપી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે ગુજરાતનું સહકારી આંદોલન સમાજ જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવા સક્ષમ છે. તેનો સાક્ષાત્કાર કરવા માટે માત્ર આર્થિક વ્યવસ્થા અને નફા પૂરતા સીમિત ના રહે પણ સમાજની શક્તિ બનીને ઉભરે એ માટે સહકારીતાનું આંદોલન પોતાનું સામર્થ્ય બતાવે એવો અનુરોધ મુખ્યમંત્રીએ કર્યો હતો. એ જે રીતે ગુજરાતના ખેડૂતોને કૃષિલક્ષી ધિરાણ માટે વૈદ્યનાથન સમિતિની ભલામણો અનુસાર કેન્દ્ર સરકાર પાસેથી ૨૬૧ કરોડ હક્ક લેવાના બાકી છે પણ ભારત સરકાર આ ગુજરાતના હક્કના નાણાં ખેડૂતોને આપવા માટે પણ મૌન ધારણ કરીને

● અનુસંધાન પાના - ૭ પર




# સપ્ટેમ્બર માસમાં ગરીબ કલ્યાણ મેળા

## ૧૫ ઓગષ્ટ સુધીમાં લાભાર્થીઓની યાદી આખરી કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૩૦

ગરીબ કલ્યાણ મેળાઓ આખા રાજ્યમાં સપ્ટેમ્બર માસથી ઉજવવામાં આવશે. આ અંગેની સ્પષ્ટ સૂચનાઓ તંત્રને જારી કરી દેવામાં આવી છે.

આ ગરીબ કલ્યાણ મેળાઓ પ્રાન્ત કક્ષાએ જ યોજવામાં આવશે અને આ માટેની તારીખો હવે પછી જિલ્લાઓને આપી દેવામાં આવશે. આ ગરીબ કલ્યાણ મેળાઓ જિલ્લાના પ્રભારીમંત્રી અને પ્રભારી સચિવોની ઉપસ્થિતિમાં યોજાશે જ્યારે મેળાના આરંભે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિડીયો કોન્ફરન્સીંગથી લાભાર્થીઓને સંબોધશે.

તંત્રને અપાયેલી સૂચનાઓ મુજબ ગરીબ કલ્યાણ મેળાઓ પ્રાન્ત કક્ષાએથી જ યોજવાના હોવાથી કાર્યક્રમ માટેનુ સ્થળ પણ તાત્કાલિક નિયત કરી લેવાનુ રહેશે તેમજ આ મેળા માટેના લાભાર્થીઓની યાદી તાત્કાલિક આખરી કરવા જણાવાયું છે.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યભરમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરી ગરીબ લાભાર્થીઓને સીધા લાભ આપવામાં આવી રહ્યા છે. શ્રાવણ માસના અંતિમ સપ્તાહથી આ મેળાઓનું આયોજન હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે. ચોમાસાની સિઝન હોવાથી વરસાદની સ્થિતિને ધ્યાને લઈ કાર્યક્રમનું સ્થળ પસંદ કરવા જણાવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન હાથ ધરાતાં જ તંત્રમાં દોડધામ વધી જવા પામી છે. મળતી વિગતો મુજબ ૧૫ ઓગષ્ટ સુધીમાં લાભાર્થીઓની યાદી આખરી કરવા જણાવવામાં આવ્યું છે.




LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧